# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૫ તા.૨૩-૯-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તા.૨૫-૯-૧૬ થી તા.૨-૧૦-૧૬ સુધી ‘સ્વચ્છતા અને સામાજિક સમરસતા’ સપ્તાહની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- માન.એસ.પી.ડી. અને નિયામકશ્રીનો પત્રક્રમાંક : એસએસએ./મકમ/૨૦૧૬/ ૩૫૪૫૦-૫૮૬ તા.૧૫-૯-૧૬

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજ્ય સરકાર દ્વારા આખા રાજ્યમાં તા.૨૫-૯-૧૬ થી તા.૨-૧૦-૧૬ દરમ્યાન ‘સ્વચ્છતા અને સામાજિક સમરસતા’ ની ઉજવણી કરવામાં આવનાર છે. રાજ્ય સરકાર દ્વારા આ ઉજવણી માટે સઘન સુંદર આયોજન કરેલ છે. આ માટે મોનીટરીંગ અર્થે આપણી શાળાઓમાં શિક્ષણ વિભાગમાંથી માન. મહેશભાઈ રાવલ, ડેપ્યુટી કલેકટરશ્રી પણ મુલાકાત લેનાર છે.

આ સપ્તાહની અસરકારક ઉજવણી કરવા માટે તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને સ્ટાફ સાથે આયોજન બેઠક કરી અગાઉના પરિપત્ર નંબર ૭૮ થી ૮૩ તથા આ સાથે બિડાણમાં આપેલ સંદર્ભિત પત્રનો સઘન અભ્યાસ કરી તારીખવાર તમામ પ્રવૃત્તિઓ બિનચૂક રીતે કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભદર્શિત પત્ર

તા.૨૩-૯-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નં. એસએસએ/મકમ/૨૦૧૬/૩૪૪૫૦-૩૪૫૯
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
સર્વ શિક્ષા અભિયાન,
સેકટર–૧૭, ગાંધીનગર
તા.૧૫ .૦૯.૨૦૧૬

પ્રતિ

જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેકટ કચેરી, એસએસએ,
જિ. તમામ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ. તમામ

એડી. જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને
શાસનાધિકારીશ્રીઓ,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ,
અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત

**વિષય : તા.૨૫.૯.૨૦૧૬ થી તા.૨.૧૦.૨૦૧૬ સુધી "સ્વચ્છતા અને સામાજિક સમરસતા" સપ્તાહની ઉજવણી કરવા બાબત.**

**સંદભઃ માનનીય શિક્ષણ મંત્રીશ્રી/માનનીય મહેસુલમંત્રીશ્રીની તા.૯.૯.૨૦૧૬ અને તા.૧૪.૯.૨૦૧૬ બેઠકમાં મળેલ સૂચના.**

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજય સરકાર ધ્વારા આખા રાજયમાં તારીખ ૨૫.૯.૨૦૧૬ થી તા.૨.૧૦.૨૦૧૬ દરમ્યાન **સ્વચ્છતા અને સામાજિક સમરસતા**ની ઉજવણી કરવામાં આવનાર છે. આ સપ્તાહની ઉજવણી માટેના હેતુઓ નીચે પ્રમાણે છે.

(૧) ગાંધી વિચારનું એક સાર તત્વ છે, સફાઈ. તેને ચરિતાર્થ કરવું. પંડિત દીનદયાલ ઉપાધ્યાયના જન્મ દિવસ તા.૨૫.૯.૨૦૧૬ થી શરૂ કરી મહાત્મા ગાંધીના જન્મ દિવસ તા.૨.૧૦.૨૦૧૬ સુધી ઉજવણી કરવી.

(૨) ગુજરાતના સપુત શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન સ્વરૂપ સ્વચ્છ ભારત મિશન–અભિયાનને ચરિતાર્થ કરવું.

(૩) વિદ્યાર્થીઓ અને લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ આવે. લોકોના જીવનમાં સ્વચ્છતાની ટેવ તરીકે વિકસે.

(૪) વિદ્યાર્થીઓ અને લોકોમાં સ્વચ્છતા અંગે સ્વયં શિસ્ત ઉભી થાય.

(૫) સ્વચ્છતા ધ્વારા સ્વસ્થતા મેળવવી.

(૬) સમાજમાં સમાજ સમરસતા ઉભી થાય.

**જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં રચાયેલ સ્વચ્છતા સમિતિ તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન નીચે દરેક શાળામાં નીચે પ્રમાણેના કાર્યક્રમો યોજવાના રહેશે.**

(૧) શાળા સફાઈ–શાળામાં નકામો–કચરો, નકામો ડેડસ્ટોક દૂર કરવો.

(૨) સમૂહ સફાઈ (ગ્રામ્ય/વોર્ડકક્ષાના અન્ય કર્મચારીઓ તેમજ સમાજના આગેવાનો સાથે)

(૩) શાળા સેનીટેશન સ્વચ્છ રાખવા.

(૪) પીવાના પાણીની સ્વચ્છતા

(૫) વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવાય તે માટે ચિત્ર, નિબંધ અને વકૃત્વ સ્પર્ધા યોજવી.

(૬) વિદ્યાર્થીઓ ધ્વારા વાલીઓ/સમાજમાં સ્વચ્છતા જળવાય તે માટે પ્રાર્થના સભામાં બાળકોને પ્રેરણા આપવી.

(૭) સ્વચ્છતા અને આરોગ્ય વિષય ઉપર વ્યાખ્યાન યોજવા.

"જમતા પહેલા હાથ ધોવા" કાર્યક્રમનો પ્રચાર–પ્રસાર કરવો.

(૮) બાળકોમાં સ્વચ્છતાની ટેવ વિકસે અને એક સ્વયં શિસ્તવાળું વાતાવરણ ઉભુ થાય તે માટે પ્રયત્નો કરવા.

(૯) વિદ્યાર્થીઓ કચરા પેટીનો ઉપયોગ કરતાં થાય તે માટે દરેક શાળામાં કચરા પેટી વસાવવી. (ઘણા શિક્ષકો/વિદ્યાર્થીઓ ધ્વારા આ અંગે ઈનોવેટીવ કાર્ય કરવામાં આવે છે જેમ કે, ખાલી પૂંઠાના ખોખાની કચરા પેટી, માટીના મોટા કુંડા કે માટલાની ઈકોફ્રેન્ડલી કચરા પેટી, નકામા તેલના ડબ્બામાંથી બનાવેલ કચરાપેટી વગેરે)

(૧૦) વિદ્યાર્થીઓ સેનિટેશનનો ઉપયોગ કરે અને વિદ્યાર્થીઓ ધ્વારા તેમના વાલીઓમાં પણ આ અંગે જાગૃતિ આવે તે માટે પ્રયત્નો કરવા, સરકારશ્રીના **"ઓપન ડિફિકેશન ફ્રી"** યોજનાને સાકાર કરવી.

**<u>તારીખ વાઈઝ નીચે પ્રમાણે કાર્યક્રમ હાથ ધરવાના રહેશે.</u>**

| | |
|---|---|
| તા.૨૫.૯.૨૦૧૬ | ગ્રામ પંચાયત ધ્વારા કાર્યક્રમની શરૂઆત |
| તા.૨૬.૯.૨૦૧૬ | • સ્વચ્છતા માટે રેલી યોજવી<br>• શાળા સફાઈ/સમુહ સફાઈમાં ભાગીદારી<br>• પ્રાર્થના સભામાં બાળકોને જાણકારી<br>• ઉજવણી સંદર્ભે SMC ની બેઠક<br>• નિબંધ સ્પર્ધાનું આયોજ કરવું.<br>• સંકલ્પપત્રનું વિતરણ<br>• શાળામાં કચરાપેટીઓ મૂકવી. |
| તા.૨૭.૯.૨૦૧૬ | • રેલી યોજવી.<br>• શાળા સફાઈ<br>• વકૃત્વ સ્પર્ધાનું આયોજ કરવું.<br>• લોકોની જાગૃતિ માટે શેરી નાટકો/વકતવ્યો ગોઠવવા. |
| તા.૨૮.૯.૨૦૧૬ | • રેલી યોજવી.<br>• શાળા સફાઈ<br>• રમત–ગમત સ્પર્ધાનું આયોજન કરવું.<br>• સમાજમાં સમરસતા માટેના કાર્યક્રમો |
| તા.૨૯.૯.૨૦૧૬ | • રેલી યોજવી.<br>• શાળા સફાઈ/જાહેર સ્થળોની સફાઈ<br>• સ્વચ્છતા અને આરોગ્ય બાબતે કાર્યક્રમ/વકતવ્યો ગોઠવવા<br>• વાલીઓને શાળામાં બોલાવી, હાથ ધોવા, સેનીટેશનનો ઉપયોગ અને સ્વચ્છતા માટે વકતવ્યો આપવા. |
| ૩૦.૯.૨૦૧૬ | • મહારેલી યોજવી.<br>• શાળા સફાઈ<br>• સમાજમાં સમરસતા માટેના કાર્યક્રમો |

| | |
|---|---|
| ૧.૧૦.૨૦૧૬ | • રેલી યોજવી.<br>• શાળા સફાઈ<br>• સંકલ્પપત્રો એકઠા કરવા.<br>• સ્વચ્છતા અંગેનો શપથ કાર્યક્રમ |
| ૨.૧૦.૨૦૧૬ | • રેલી યોજવી.<br>• સંપૂર્ણ સફાઈ "સ્વચ્છતાની ૬૦ મિનિટ" મેગા કાર્યક્રમમાં ભાગીદારી<br>• ગિનિસબુક રેકોર્ડ માટે આપવામાં આવેલ સૂચના પ્રમાણે કાર્યવાહી કરવી. |

ઉકત કાર્યક્રમ અંતર્ગત આપના તાબાની જિલ્લાકક્ષાની તેમજ તાલુકાકક્ષાની તમામ કચેરીઓ તેમજ ગ્રામકક્ષાએ શાળા સુધી આ કાર્યક્રમનું સુનિયોજિત આયોજન થાય તેવી વ્યવસ્થા આપની કક્ષાએથી કરવા જરૂરી સૂચનાઓ પ્રસારિત કરવાની રહેશે.

**નોંધ : ૨, ઓકટોબર, ૨૦૧૬ નો મેગા કાર્યક્રમની વિસ્તૃત સૂચનાઓ હવેપછી જણાવવામાં આવશે.**

(એમ.આઈ.જોષી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

(જે.કે.ગઢવી, IAS)
નિયામક
શાળાઓની કચેરી
ગાંધીનગર

(મહેશ સિંહ, IFS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
સર્વ શિક્ષા અભિયાન
ગાંધીનગર

**નકલ જય ભારત સહ જાણ અર્થે રવાના :**

– માન. અગ્ર સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ જાણ અર્થે રવાના :**

– કલેકટરશ્રી, કલેકટરશ્રીની કચેરીઓ, જિ. તમામ
– જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, જિલ્લા પંચાયત ભવન, જિ. તમામ

સ્વચ્છ ભારત
એક પગલું સ્વચ્છતા તરફ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

## સ્વચ્છતા અને સામાજીક સમરસતા સપ્તાહની ઉજવણી

# સંકલ્પ પત્ર

અમે આજરોજ ભારત દેશના નાગરિકો સંકલ્પ લઇએ છીએ કે... ...

- અમે અમારી આસપાસ ઘર, શેરી, ફળિયું, શાળા, બાગ-બગીચા, જાહેર સ્થળો, ગામ/શહેરમાં સ્વચ્છતા જાળવીશું તેમજ કચરાને કચરાપેટીમાં જ નાખીશું.
- અમારી આસપાસના વિસ્તારમાં હવા, પાણી અને ખુલ્લી જગ્યાઓમાં સ્વચ્છતા જાળવવા લોકસહયોગ મેળવીશું.
- અમે શૌચ માટે શૌચાલયનો જ ઉપયોગ કરીશું.
- અમે મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સપનાને સાકાર કરવા માટે મન, વચન અને કર્મથી સ્વચ્છતા અને સામાજીક સમરસતાના અનુસરણ માટે પ્રતિબધ્ધ છીએ.

| નામ |
|---|
| (૧) |
| (૨) |
| (૩) |
| (૪) |
| (૫) |
| (૬) |
| (૭) |

સર્વ શિક્ષા અભિયાન, ગુજરાત રાજ્ય